'પેશન ફોર લર્નીંગ' માટે યુથ રન-૨૦૧૩...

ધીરૂભાઈ અંબાણી કૉલેજનાં વિદ્યાર્થીઓ રવિવારે ગાંધીનગરને દોડતું કરશે.

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં આવેલી ભારતની નામાંકીત કૉલેજ ડીએ-આઈઆઈસીટી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ફૉરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના તરવરાટ ભર્યા વિદ્યાર્થીઓ દ્વારા યુથ રન-૨૦૧૩નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

રવિવાર દિનાંક ૨૭ને સવારે ઘ-૦ ઈન્ફોસિટી પાસેથી ૫ કિ.મી. અને ૭ કિ.મી. એમ બે કેટેગરીમાં યોજાનારી યુથ રનને ફલૅગ ઑફ કરાવવા ગુડાનાં અધ્યક્ષ અશોક ભાવસાર અને કલ્પતરૂ કંપનીના સી.ઈ.ઓ. બી. કે. સતીષ હાજર રહેવાનાં છે. રેડિયો એફ.એમ.ના આર.જે. ની ધમાલ મસ્તી સાથે યુથરન સ્ટાર્ટ થશે.

યુથ રન ઘ-૦થી શરૂ થઈ ઘ-૧, ઘ-૨, ઘ-૩, ઘ-૪ થઈ વિધાનસભા અને ત્યાંથી પાછી આવશે. રનીંગ એરીયામાં અને દોડ પુરી કર્યા બાદ એનર્જી ડ્રીંક્સની વ્યવસ્થા કરવામાં આવેલી છે. 'પેશન ફોર લર્નીંગ' માટે ગાંધીનગરના ત્રણ હજાર જેટલાં લોકોએ રજીસ્ટ્રેશન કરાવેલું છે. દરેક ભાગ લેનારને ફ્રી ટીશર્ટ અને વિજેતાઓ માટે ઈનામ રાખવામાં આવ્યાં છે.

આ યુથ રન માટે ગાંધીનગર રનર્સ કલબનાં સભ્યો અને અમદાવાદથી મેરેથોન રનર્સ ખાસ દોડનારાઓનો ઉત્સાહ વધારવાં દોડવાના છે. આ સમગ્ર ઈવેન્ટનું આયોજન કોલેજનાં હોનહાર વિદ્યાર્થીઓ વંદિતા, ઈશાન,બીના, ધ્રુવ, પ્રતિક, આયુશી અને શ્રેયા કરી રહ્યાં છે. કૉલેજના પ્રાધ્યાપક જયદદીપનાં માર્ગદર્શન હેઠળ આ વિદ્યાર્થઈઓએ મસ્ત પ્લાનીંગ કરી રન વીથ ફન કરવાનો છે.

યુથ રન-૨૦૧૩ની ફિનીશ લાઈન ડીએ-આઈઆઈસીટી કૉલેજના ગેટ પાસે રાખી છે. આ રન પત્યા બાદ ત્યાંજ યુવાનો માટે યુથ સેમિનાર રાખવામાં આવ્યો છે. આ સેમિનારમાં સુખબીર બગ્ગા અને સંદીપ ગજ્જર વક્તા છે. જેઓ યુવાનોને એમના અનુભવનો નિચોડ આપી એમનાં પ્રશ્નોનાં જવાબ આપશે. ધીરૂભાઈ અંબાણી કોલેજનાં ડાયકેટર પ્રા. એસ.પી. સહસ્ત્રબુદ્ધેએ આ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગરનાં યુવાનોને ઉત્સાહભેર ભાગ લેવાં આમંત્રણ આપ્યું છે.

ડીએ-આઈઆઈસીટી કૉલેજમાં વિદ્યાર્થીઓએ કરેલાં આયોજનમાં સહભાગી થવા સૌએ દોડવા જવા જેવું છે. વિદ્યાર્થીઓના ઉત્સાહને બેવડાવવાં દોડશો તો યુવાનો ભારતનાં ભવિષ્યને ઉજ્જવળ બનાવવાં ટેકનોલોજી સાથે દોડશે એવું આ યુથ ટીમનાં સૌ વિદ્યાર્થીઓ માને છે.

ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી માટે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મન્સુરી પસંદગી પામ્યા

જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી માટે માણસાના ચૂંટણી અધિકારી સોલંકી તથા મદદનીશ ચૂંટણી અધિકારી ભાટીની કરાયેલી પસંદગી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીની પસંદગી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરવા માટે આવી છે. જેમનું આજે મહામહિમ રાજ્યપાલશ્રી ડૉ. કમલાને હસ્તે વિશેષ સન્માન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી ચુકેલા અને હાલ અમદાવાદ ખાતે ફરજો બજાવતા શ્રી ભરતભાઈ સી. પરમારની પણ પસંદગી શ્રેષ્ઠ સેવાઓ માટે પ્રથમ ક્રમે પસંદગી થઈ છે. શ્રી મનસુરીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

રાષ્ટ્રીય મતદાતા દિને ચૂંટણી પંચે રાજ્યના ૧૫ અધિકારીઓનું વિશેષ સન્માન કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે દરેક જિલ્લામાંથી આ અંગેની દરખાસ્તો માંગવામાં આવી હતી.

આજે રાજ્યના રાજ્યપાલશ્રી ડૉ. કમલાના અધ્યક્ષપદે યોજાનાર રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીનો કાર્યક્રમ ગુજરાત નેશનલ લૉ યુનિ. ખાતે ઉજવવામાં આવશે જેમાં આ અધિકારીઓનું સન્માન કરાશે.

જિલ્લામાં ચૂંટણીની શ્રેષ્ઠ કામગીરી માટે શ્રી જી.એચ. સોલંકી માણસાના ચૂંટણી અધિકારીની પસંદગી કરવામાં આવી છે. તો મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ગાંધીનગર મામલતદાર શ્રી ભાટી અને કલોલના મામલતદારની પસંદગી કરવામાં આવી છે. તેમનું સન્માન પણ રાજ્યપાલશ્રીના વરદ્હસ્તે કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં સંપન્ન થઈ છે. આ ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી સંચાલન, આચાર સંહિતાનો અમલ, ઉમેદવારોના ચૂંટણી ખર્ચ તથા મતદારયાદીઓના સંદર્ભમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. જેમાં શ્રી ડી.એ. સત્યા, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમરેલી, ડૉ. રાજેન્દ્ર કુમાર, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, રાજકોટ, શ્રી એ.જે. શાહ, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કચ્છ, શ્રી નિરજ બડગુજર, નાયબ પોલીસ કમિશનર, ઝોન-૧, અમદાવાદ, શ્રી પ્રેમવીર સિંઘ, પોલીસ અધિક્ષક, રાજકોટ, શ્રી બી.સી. પરમાર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, અમદાવાદ, શ્રી આઈ.આર. મનસુરી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, ગાંધીનગર શ્રી પી.આર.રાણા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, પાટણ, શ્રી એમ. નાગરાજન, ચૂંટણી અધિકારી, ૮-થરાદ વિધાનસભા મતવિભાગ, શ્રી

આજે ગાંધીનગરમાં ઈદ-એ-મિલાદની ભવ્ય ઉજવણી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મોહમ્મદ પૈગમ્બર સાહેબની જન્મ જયંતિ 'ઈદે મિલાદ' નિમિત્તે ભવ્ય કાર્યક્રમોનું આયોજન ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. આવતીકાલે શહેરના જુના સેક્ટરોના વિસ્તારમાં ભવ્ય જુલુસ નીકળશે.

પૈગમ્બર સાહેબના જન્મોત્સવની ઉજવણી છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં ચાલી રહી છે. સેક્ટર-૨૧, સેક્ટર-૨૯ અને અન્ય મસ્જીદોને રોશની અને પતાકા સાથે શણગારવામાં આવી છે. દરરોજ સાંજે વાયઝ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ઈદે મિલાદની ઉજવણી કરાઈ રહી છે. આવતીકાલે ઈદે મિલાદ નિમિત્તે મસ્જીદોમાં 'બાલમુબારક'નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ આમ નિઆઝ યોજાશે. બપોરે જુલુસ નીકળશે. જુલુસમાં જોડાનાર વાહનોને શણગારવામાં આવ્યા છે. મુસ્લિમ બિરાદરો આ જુલુસમાં જોડાઈ પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરશે.

પ્રજાસત્તાક દિને ૭૦૦ વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમ

૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે દેશભક્તિના ગીતો અને નૃત્યો જમાવટ કરશે

ગાંધીનગર, તા. ૨૪

સે. ૧૧ સ્થિત રામકથા મેદાનમાં યોજાનારી પ્રજાસત્તાક સલામી આપવામાં આવશે. જિલ્લા કક્ષાની ઉજવણીને રાષ્ટભક્તિસભર બનાવવા પરેડ ઉપરાંત દેશભક્તિને જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ વિદ્યાર્થીઓ ભાગ લેશે. શહેરની વિવિધ ૬ શાળાના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિનો અને અડાલજ પી.ટી.સી. કોલેજ, અદાલજ દ્વારા ભારતીય ભવ્ય સંસ્કૃતિક વારસો રજૂ કરતી કૃતિ રજૂ વિદ્યાર્થીઓ દ્વારા તેરા રંગ ઐસા ચડ ગયા... ગીત પર પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

(તસવીર : દિપક જાની)

દિનની ઉજવણીમાં શહેરની વિવિધ ૬ શાળાના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ દેશભક્તિના ગીતો અને નૃત્યો સહિત રંગારંગ કાર્યક્રમ રજૂ કરશે.

આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે સે. ૧૧ રામકથા મેદાનમાં રાષ્ટ્રધ્વજને લગતા અનેક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા રાષ્ટ્રીયધ્વજ લહેરાવી સલામી આપશે. આ તબક્કે જનજાગૃતિ કેળવવા સરકારની વિવિધ યોજનાઓની જાણકારી પુરી પાડવા ટેબ્લોઝ પણ રજુ કરવામાં આવશે. જ્યારે કરવામાં આવનાર છે. જેમાં શહેરની ૬ શાળાઓ સે. ૨૮ વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, ચૈતન્યસ્કૂલ લેંકાવાડા, ઓમલેન્ડમાર્ક સ્કૂલ ચિલોડા, માણેકબા પી.ટી.સી. કોલેજ અડાલજ, બોરીજ પ્રાથમિક શાળા ઉપરાંત માઉન્ટ કાર્મેલ સ્કૂલના રંગારંગ કાર્યક્રમ રજુ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ દેશભક્તિના ગીતો અને નૃત્યો રજૂ કરશે. આ પૂર્વે આજે શાળાના વિદ્યાર્થીઓએ કાર્યક્રમને અનુલક્ષી રીહર્સલ પણ કર્યુ હતું.

ગાંધીનગર જિલ્લાની ચૈતન્ય સ્કૂલ, લેંકાવાડા દ્વારા ડાન્સ ડ્રામા કરવામાં આવશે. તેમજ બોરીજ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મેરે દેશ કી ધરતી..., બા શ્રી વસંતકુંવર બા કન્યા વિદ્યાલય, સેક્ટર-૨૮ના વિદ્યાર્થીઓ દ્વારા દેશ રંગીલા રંગીલા... અને માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, સેક્ટર-૨૧ના ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા દ્વારા લેઝીમ ડંબેલ્સ, કેલેશસ્થાનિક પિરામીડનો અનોખો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. જિલ્લાના સહુ નગરજનો આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સહભાગી બનવા જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનુરોધ કરવામાં આવે છે.

સે. ૯માં અફસરોના બંગલાઓ આસપાસ લાઈટના પોલ નંખાશે

આઈ.એ.એસ. આઈ.પી.એસ. માટે નવ નિર્મિત બંગલાઓને અનુલક્ષી સ્ટ્રીટલાઈટનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૪

આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અફસરો માટે સે. ૯માં નવા બંગલા બનાવાયા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા બંગલાઓને અનુલક્ષી આ વિસ્તારમાં ટૂંકમાં સ્ટ્રીટલાઈટ નાંખવાનું કામ પણ હાથ ધરાશે.

પાટનગર યોજનાના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા શહેરમાં જરૂરી સ્થળોએ સ્ટ્રીટલાઈટના કામો હાથ ધરવામાં આવ્યાછે. અગાઉ સે. ૨૪માં પણ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉભી કરવા અમુક સોસાયટીમાં નવા પોલ્સ ઉભા કરાયા હતા. શહેરના સેક્ટરોમાં સ્થિત હજારો સ્ટ્રીટલાઈટના પોલ્સની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવરના શીરે છે. અલબત્ત પાટનગર યોજના ભવનના મોનીટરીંગ હેઠળ જરૂરી મરામતનુ કામ ટોરેન્ટ પાવર સંભાળે છે. શહેરના સે. ૯માં પણ ટુંક સમયમાં નવા સ્ટ્રીટલાઈટના પોલ નાંખવાની કામગીરી હાથ ધરાશે. સે. ૯માં ખાસ કરીને અફસરોના બંગલાઓ નવા બંધાતા સોસાયટીમાં લાઈટની સુવિધા પુરી પાડવા આ કામગીરી હાથ ધરાશે. આઈ.એ.એસ. અને આઈ.પી. એસ. અફસરો માટે નવા બંગલા બનાવવા પાછળ માર્ગ-મકાન વિભાગ દ્વારા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે હવે આ વિસ્તારમાં પાયાની સુવિધાઓ ઝડપભેર ઉભી કરવા પણ જરૂરી કામગીરી હાથ ધરાશે. આ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટનું અજવાળુ પાથરવા લાખો રૂપિયાનો ખર્ચ થશે.

(તસવીર : દિપક જાની)

કેન્દ્રના ગૃહમંત્રી સુશીલકુમાર સિંદેએ ભગવા આતંકવાદને લઈ કરેલા ઉચ્ચારણો અંગે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે ઘ-૩ પાસે દેખાવો યોજી નિવેદન બદલ સિંદે માફી માંગે તેવી માંગણી કરવામાં આવી હતી.

દોઢ બોટલ દારૂમાં ૭ લાખનું કન્ટેનર જપ્ત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક શાહપુર સર્કલ પાસેથી ચેકીંગ દરમ્યાન એક કન્ટેનરના ડ્રાઈવર પાસેથી દોઢ બોટલ વિદેશી દારૂ પોલીસને મળી આવી હતી. સે. ૭ પોલીસે દારૂ સાથે ઝડપાઈ ગયેલા કન્ટેનર ચાલકની ધરપકડ કરીને દોઢ બોટલ દારૂના કેસમાં ૭ લાખની કિંમતનું આખેઆખુ કન્ટેનર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય બાબત છે કે કન્ટેનર અને ટ્રક તથા ટેન્કરના ચાલકો દ્વારા દારૂના નશામાં ડ્રાઈવીંગ અન્ય વાહનચાલકો માટેજીવલેણ બની શકે છે અને આ પ્રકારે અકસ્માતમાં મૃત્યુના સંખ્યાબંધ કિસ્સાઓ પણ પોલીસ ચોપડે નોંધાયેલા છે.

પ્રજાસત્તાક દિનને પગલે સુરક્ષા એજન્સીઓને એલર્ટ રહેવા આદેશ

શહેરના તમામ પ્રવેશમાર્ગો પર ચુસ્ત નાકાબંધી : જ-રોડ તથા મંત્રી નિવાસ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પોલીસ તથા અન્ય સુરક્ષા એજન્સીઓને પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીને પગલે એલર્ટ રહેવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય પર્વને દિને કોઈ આતંકી પ્રવૃત્તિ કે અનિચ્છનીય ઘટના ન સર્જાય તે માટે એલર્ટ આપીને જ-માર્ગ તથા મંત્રી નિવાસ વિસ્તારમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી તમામ સરકારી બિલ્ડીંગમાં પણ અસામાન્ય ગોઠવી તમામ સરકારી બિલ્ડીંગમાં પણ અસામાન્ય હિલચાલ પર વોચ ગોઠવવામાં આવી છે. તે ઉપરાંત શહેરના તમામ પ્રવેશમાર્ગો પર પણ ચુસ્ત નાકાબંધી ગોઠવી દઈ વાહનચેકીંગ કામગીરીના આદેશ આપી દેવાયા છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સે. ૧૧ રામકથા મેદાનમાં થવાની છે ત્યારે ઉજવણી દરમ્યાન કોઈ આતંકી પ્રવૃત્તિ કે અનિચ્છનીય ઘટના ન બને તે માટે તકેદારીના ભાગરૂપે એલર્ટ આપી દેવામાં આવ્યું છે. રાષ્ટ્રીય પર્વમાં આતંકવાદીઓ આતંકવાદ ફેલાવવા સત્વર હોય છે ત્યારે આ પ્રકારનું કોઈ જ ષડયંત્ર કે કાવતરૂ પાટનગરમાં સફળ ન થઈ જાય તે માટે એલર્ટના આદેશ આપી તમામ પ્રવેશદ્વારો પર ચુસ્ત નાકાબંધી ગોઠવી દઈ વાહનચેકીંગ શરૂ કરવા સુચના આપી દેવાઈ છે. જિલ્લામાં કોઈ પરપ્રાંતીય કે શકમંદ ઘુસી ગયુ નથી તેની પણ ચકાસણી કરવા જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલે સુચના આપી દીધી છે. રેલવે સ્ટેશન, એસ.ડી. ડેપો, ગેસ્ટ હાઉસ, હોટલમાં સતત ચકાસણી કરવા અને સરકારી, અર્ધસરકારી કચેરીઓમાં પણ વોચ રાખવા આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. ઈન્દ્રોડા સર્કલ ચ-૦ થી જ-માર્ગ એટલે કે રાજમાર્ગ તથા મંત્રી નિવાસ વિસ્તાર તથા રાજભવનને હાઈ સિક્યુરીટી ઝોનમાં ફેરવી દેવાયું છે. જિલ્લાની એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમને પણ સતત બાજ નજર રાખવા આદેશ આપી જિલ્લાની પોલીસ સહિત તમામ સુરક્ષા એજન્સીને એલર્ટ રહેવાના આદેશ આપી દેવાયા છે.

જાહેર હરાજી

'ગીર' ફાઉન્ડેશનના ઈન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર ખાતે ૧૯૯૩ મોડલ મોટર સાઈકલ રાજદૂત નંબર : જીજે-૧-એસ-૪૦૮૦ની જાહેર હરાજી તા. ૧/૨/૨૦૧૩ના રોજ સવારે ૧૨-૦૦ કલાકે જે છે તે હાલતમાં રાખવામાં આવેલ છે. રસ ધરાવતી પાર્ટીઓને મોટર સાઈકલની હરાજીમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ભાગ લેનારે રૂ. ૫૦૦-૦૦ ડીપોઝીટ તરીકે રોકડા હરાજીના સ્થળે ભરવાના રહેશે. મોટર સાઈકલ ઈન્દ્રોડા પાર્ક ખાતે રાખેલ છે. જે કચેરી સમયમાં જોવા મળશે. હરાજીની માન્ય શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. બોલી સ્વીકારવાની આખરી સત્તા નાયબ નિયામકશ્રીને રહેશે.

પાર્ક વોર્ડન
ઈન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com